






મંડાઇ શિક્ષણની હાટડીઓ, વેપાર થઇ ગયો!
ચૂકે મર્યાદા પ્રચારની, ધંધે વિકાર થઇ ગયો!
ભેંકાર ઇમારતો માટે ખેંચાખેંચ બાળકોની -
બેકાર ભણતરમાં વાલી શિકાર થઇ ગયો!
(જાહેરાતોમાં દાવપેચ-ખટપટો)

હાર્યો અર્જૂન!
એનાં જ હથિયારે -
'પોસ્ટર' યુધ્ધ

માણે છે યુધ્ધ
કૂતરાં-બિલાડાં નું -
પબ્લીક પણ...




## ચિંતન

**યત્ર નાસ્તિ દધિ મન્થન ઘોષો યત્ર નો હિ લઘવઃ શિશશ્ચ ।**
**યત્ર નાસ્તિ ગુરુ ગૌરવ પૂજા તાનિ કિં બત ગૃહાણિ વનાનિ ॥ (૧)**
**ન વિપ્ર પાદો દકંપંક કિલાનિ ન વેદશાસ્ત્ર ધ્વનિ ગર્જતાનિ ।**
**સ્વાહાશ્ચ સ્વધાકાર વિવર્જિતાનિ સ્મશાન તુલ્યાનિ ગૃહાણિ તાનિ ॥ (૨)**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'ગૃહસ્થાશ્રમ' વિષયમાંથી આ બે શ્લોક લેવામાં આવ્યાં છે. 'ઘર' કોને કહેવાય એ અહીં કહેવામાં આવ્યું છે :

'જે ઘરમાં વહેલી સવારે દહીં વલોવવાનો વલાણાંનો અવાજ આવતો ન હોય, નાનાં બાળકોનાં રડવા-કલબલાટનો અવાજ આવતો ન હોય, જ્યાં ગુરુજનોના આરતી-પૂજન-સ્તુતિ પાઠ ન થતાં હોય એ ઘર, ઘર નથી વેરાન છે.' (૧)

જ્યાં વિદ્વાન બ્રાહ્મણોના પગ ધોવાથી આંગણા ભીનાં ન થયા હોય, જે ઘરમાંથી વેદપાઠ, મંત્રો, સ્તુતિ-ભજનોના ધ્વનિ ગાજતા ન હોય જ્યાં 'સ્વાહા' અને 'સ્વધા' અગ્નિદેવની પત્નીઓને હવ્યના દ્રવ્યથી હવન ન થતા હોય, મંત્ર ધ્વનિ ગાજતા ન હોય તે ઘર સ્મશાન જેવું લાગે છે. (૨)

આજે શહરોમાં આ વાતાવરણ રહ્યું નથી. ગૃહલક્ષ્મીઓ જ બપોરે નવ વાગે ઉઠે પછી 'માંગલિક' નો પ્રશ્ન જ રહેતો નથી. આજે રેડિયો-ટીવી, ટેપરેકર્ડ દ્વારા વહેલી સવારના મંગલ-પ્રભાતનું સર્જન કરવું હોય તો કરી શકાય પણ રાત્રે બાર-એક વાગ્યે સૂનારાંના નશીબમાં વો દિન કહાં...?!

## સુવિચાર

- જ્ઞાન અને વિદ્યા એ માત્ર બહુ વાચનથી જ મળી જાય છે એમ નથી, વધારે કે ઓછું વાંચવું એ રૂચિ, શક્તિ અને સવલતનો સવાલ છે કે પરંતુ ઓછું વાંચવા છતાં જો વધારે સિધ્ધિ પ્રાપ્ત કરવી હોયતો મન ખુલ્લું રાખવું, કોઇ પૂર્વગ્રહો-રૂઢ સંસ્કારોને આડે આવવા દેવા નહિ **- પંડિત સુખલાલજી**
- મન શું શીખે છે તે મહત્ત્વનું નથી; પણ શીખવાની બાબતની 'ગુણવત્તા'નું મહત્ત્વ છે **- જે. કૃષ્ણમૂર્તિ**
- આત્મદૃષ્ટા સાધક ભમરા જેવો હોય છે, તે સર્વ જગ્યાએથી ગુણ (રસ) ગ્રહણ કરે છે પણ ક્યાંય બંધાતા નથી. **- મહાવીર**
- તું તારી જાતને ઓળખ, એ જ જ્ઞાન છે **- સોક્રેટીસ**
- જે જાણળાથી બધું જ જણાઇ જાય એ 'આત્મજ્ઞાન' **- ઉપનિષદ**
- જ્ઞાન, સિધ્ધિ કે સમજ મેળવવાં હોય તો તમારા ચિત્ત-મનને સદાય ખુલ્લું રાખો- **ચાંગ કિયાંગ**

## બોધકથા

આજકાલના તરૂણ-તરૂણીઓ શરૂઆતમાં પરસ્પર શારીરિક જરૂરિયાતને 'પ્રેમ' સમજી કઠોળે ચડી જાય છે એમ, 'એક દૂજે કે લિયે' ની ગેરસમજમાં ડૂબી જાય છે. આંખો મીંચી, ભાગીને લગ્ન પણ કરી લે પછી, સ્વભાવ-ટેવો-સંસ્કારનું ઘર્ષણ શરૂ થાય છે. પ્રેમનું અફીણ ઉતરી જાય, આવરણ ઉતરી જાય અને નગ્નતા સામે આવી ઊભી રહે, અનુકૂલન, સમજના અભાવે, લગ્ન-ઘર ભાંગે છે..

એક યુવાન 'લગ્ન કરવાં કે નહીં' એની સલાહ લેવા માટે સોક્રેટીસ પાસે આવ્યો, પત્ની 'ઝેન્થીપી' બપોરની નિંદ્રા માણી રહી હતી. સોક્રેટીસે પત્નીને ચા બનાવી આપી જવા 'આજ્ઞા' આપી. ઝેન્થિ કદી આજ્ઞા સાંભળવા ટેવાયેલી જ નહીં. ચાની કીટલી જેટલી જ ગરમ ઝેન્થિ ચા તો લાવી પણ સોક્રેટીસ ઉપર ઝીંકી, ચા-કીટલી ગરમ હતાં, સોક્રેટીસ દાઝયા.

થોડી ચા બની હતી તેમાંથી અર્ધો-અર્ધો કપ પેલા યુવાન સાથે સોક્રેટીસે પીધી અને કહ્યું ચાલો હવે આપણે મુદ્દાની વાત કરીએ! યુવાન કહે મને અર્ધો જવાબ તો મળી જ ગયો છે છતાં.. આપ કહો, આવી પત્ની સાથે તમે સુખી છો?

સોક્રેટીસ કહે ભાઇ, આજે હું જે કંઇ છું તે મારી પત્નીને કારણે જ છું. મારો વાદવિવાદનો વ્યવસાય છે અને સફળતાનો તમામ યશ હું તેણીને જ આપું છું. ઘોડાને તાલીમ આપનાર સૌથી વધારે તોફાની ઘોડાને રાખે છે, જેથી બીજા ઘોડાને તાલીમ આપવાનું સરળ થઇ જાય, આવી વાદીલી પત્નીને કરાણે મારાં ઘણાં કૌશલ્યો ખીલ્યાં છે..

# અ સ્ટોરી ઓફ કાર્ટૂન અને કહાની કાર્ટૂનિયત કી

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

ગયા મહિને સંસદમાં હોબાળો મચી ગયો... અડધી સદી કરતાં ય જૂનું એક કાર્ટૂન છ વર્ષ પહેલાં છપાયેલી એક પાઠ્યપુસ્તિકાનાં પાનાંઓ પરથી સંસદની ચર્ચાનું વિવાદ કેન્દ્ર બની ગયું. 'ભારત કા સંવિધાન : સિધ્ધાંત ઔર વ્યવહાર' નામનું રાષ્ટ્રીય શૈક્ષણિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરિષદ ઉર્ફે નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યકેશનલ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ ઉર્ફે NCERT નું ધોરણ-૧૧ નું રાજનીતિ વિજ્ઞાનનું પુસ્તકનું પાન નં.૧૬ પર આપેલું એક કાર્ટૂન ચર્ચાનો વિષય બની ગયો. પુસ્તકના મુખ્ય સલાહકાર યોગેન્દ્ર યાદવ અને સુહાસ પણસીકરે સલાહકાર સમિતિમાંથી તાત્કાલિક રાજીનામું આપી દીધું. કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી કપિલ સિબ્બલે માફી માંગી (!) કે જે પુસ્તક પ્રકાશિત થયું (૨૦૦૬) માં ત્યારે એ પદ પર નહોતા.

પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મ વિભૂષણ કે શંકર પિલ્લાઇ નામનાં કાર્ટૂનિસ્ટે એક રેખાચિત્ર આલેખ્યું જેમાં બંધારણની ગોકળગાય પર બેઠેલાં ડો. આંબેડકર અને તેને (બંધારણ નિર્માણની પ્રક્રિયા) ને મારતાં નહેરૂનું કાર્ટૂન છે. વર્ષ ૧૯૪૯નું છે. બંને મહાનુભાવો જીવતા હતા. તેમને કોઇ વાંધો હતો? એકવાર નહેરૂએ શંકરને કહ્યું હતું, 'ડોન્ટ સ્પેર મી, શંકર' એટલે કે તારા કાર્ટૂનોમાં મને બક્ષતો નહીં, શંકર!! હિન્દુસ્તાનમાં પોલિટીકલ કાર્ટૂનિંગની શરૂઆત કરનાર શંકર આજથી ૨૩ વર્ષ પૂર્વે ૧૯૮૯માં મૃત્યુ પામ્યા. શું કાર્ટૂનની સમજ પ્રાસંગિક કે સામયિક જ હોય છે? તેની માત્ર તત્કાલીન ભૂમિકા છે કે પછી તેનો સંબંધ ઇતિહાસિતા સાથે છે? ૧૯૪૯માં કોઇ દિવસે દોરાયેલું કાર્ટૂન ૨૦૧૨માં તર્કસંગત ખરું? બદલાયેલા પરિપ્રેક્ષ્ય, ભૂમિકા અને સમય સાથે એ કાર્ટૂનનાં અર્થઘટનમાં બદલાવ શક્ય ખરો? હિન્દુસ્તાનમાં જન પ્રતિનિધિઓએ પુસ્તક વાંચ્યું હતું ખરું?

**ભારતનું સંવિધાન એ એક ધબકતી - વાઇબ્રન્ટ ડેમોક્રેસીનું દિલ છે, જે સંવિધાન નિર્માતાઓની દૂર દૃષ્ટિને આભારી છે... અને એટલે જ નિર્માણમાં વિલંબ થયો!**

ઘણાં પ્રશ્નો ઉઠ્યા - ચર્ચાઓ થઇ - વ્યક્તિગત, કાર્ટૂનગત, પાર્ટીગત... અનુકૂળતાઓ પ્રમાણેનાં નિષ્કર્ષ નીકળ્યા... ઘેરાયેલું વાદળ નજરે ચડી ગયું, આકાશ ભુલાઇ ગયું... એક કાર્ટૂનનું પોસ્ટમાર્ટમ થયું ને સમગ્ર પુસ્તક કેન્દ્રની બહાર ધકેલાઇ ગયું.

ભારતીય સંવિધાન નિર્માણના વર્ષો (૧૯૪૬ થી ૧૯૪૯) એ ના ભૂલાવું જોઇએ કે લોહિયાળ વર્ષો પણ હતા. વિભાજનની કારમી વાસ્તવિકતાની માત્ર ભૌગોલિક કે રાજનૈતિક અસરો જ ન હતી. વૈચારિક તથા ભાવનાત્મક સ્તરે પણ દેશની સ્થિતિની અસર થઇ હતી. સમગ્ર રાષ્ટ્ર એક પાગલપનનો - એક રાષ્ટ્રીય અંસતુલનનું શિકાર બન્યું હતું. અહિંસક કહેવાયેલી ક્રાંતિનો અંત એક હિંસક ચરમ પર પહોંચી ચૂકયો હતો. ભારત જેવા બહુ આયામી, બહુભાષી, બહુસાંસ્કૃતિક રાષ્ટ્ર માટે સંવિધાન નિર્માણ જેટલું દેખાય છે એટલું સરળ નહોતું. આ એ જ દોરની વાત છે. જ્યારે બ્રિટને ભાગત તો મંજૂર કર્યા સાથે સાથે દેશી રજવાડાઓને સ્વાયત્ત અને આઝાદ થવાની છૂટ આપી હતી. (પણ સરદાર પટેલે બધાં જ સફરજન પોતાની ટોપલીમાં ખેંચી લીધા) ભારત જેટલી વિશાળ જનસંખ્યા, તેના પુરાતન ઇતિહાસ અને પરંપરાઓ અને ધાર્મિક આસ્થાઓમાં સન્માન સાથે એક ધર્મનિરપેક્ષ રાજ્ય - દેશ બનાવવો એક દુષ્કર કાર્ય હતું. એ સમયે એનેસ્થેશિયા આપ્યા વિના જ સર્જરી કરવાની હતી. સમય ઓછો હતો. કામ પુષ્કળ. અચાનક જ બહુ ટૂંકા ગાળામાં થયેલું સત્તાનું હસ્તાતરણથી (ટ્રાન્સફર ઓફ પાવર) અંધાધૂધી સર્જવાનું હતું અને એ સમયે એક વ્યવસ્થા જરૂરી હતી. સંવિધાન સભાનાં સભ્યોનાં મત-મતાંતરો અને વાદ-વિવાદો વચ્ચે ૨૬ નવેમ્બર ૧૯૪૯નાં રોજ સંવિધાન તૈયાર થયું અને ૨૬ જાન્યુ, ૧૯૫૦ રોજ સ્વીકારાયેલા એ સંવિધાને ભારતને વિશ્વનાં સૌથી મોટા ગણતાંત્રિક દેશમાં ફેરવી દીધું.

૨૨ ભાગ, ૩૯૫ અનુચ્છેદ, બાર શિડ્યુલ અને ૯૫ બંધારણીય સુધારાઓ સાથે ભારતીય બંધારણ એક મિસાલ છે. બ્રિટીશ, ફ્રેંચ, અમેરિકન, આયરિશ, કેનેડિયન તેમજ વિશ્વનાં અન્ય દેશોનાં અનુભવ અને સંવિધાનનાં સારભૂત તત્ત્વોને ભારતીય બંધારે સ્થાન આપ્યું. ભારતીય સમાજમાં વ્યાપેલી વ્યાપક અને વર્ષો જૂની અસમાનતાને દૂર કરવાનાં તેમાં પ્રયત્નો થયા. આરક્ષણ કે રીઝર્વેશન એ બંધારણનાં સમાનતાનાં સિધ્ધાંતનો ભંગ નથી પરંતુ આર્ટીકલ ૧૬ પ્રમાણે તે અવસરની સમાનતા કે ઇક્વાલીટી ઓફ ઓપ્યુર્ચિનીટી છે. સુપ્રીમ કોર્ટનાં વરિષ્ઠ એડવોકેટ ડો. રાજીવ ધવન તેને સામાજિક ન્યાયની દિશામાં પહેલ માને છે. ... એન એક્સર સાઇઝ ઇન સોશ્યલ જસ્ટિસ! ખેર, ભારતનાં નાગરિકનાં મૂળભૂત હકો, રાજયનાં હકો, કેન્દ્રનાં હકો, ન્યાયિક પ્રાધિકરણ, ચુનાવ, ભાષાઓ, ઇમર્જન્સી વગેરે પર સંવિધાનનો વ્યાપક દૃષ્ટિકોણ છે. લોકશાહી અને સમયની જરૂરિયાતને બુલંદ કરતો કે મજબૂત કરતો આર્ટીકલ ૩૬૮ એ વિશેષ પ્રક્રિયા નીચે બંધારણમાં સુધારણી જોગવાઇ પણ કરે છે.

આટલી ફ્લેક્સિબિલીટી સાથે છેલ્લાં ૬૨ વર્ષોથી બંધારણ યથાવત રહ્યું છે. ફ્રાંસનું સમગ્ર બંધારણ ૧૭૯૩, ૧૮૪૮, ૧૮૭૫, ૧૯૪૬ અને ૧૯૫૮ એમ પાંચ વાર બદલાયું છે. રશિયાનું સંવિધાન ૧૯૧૮, ૧૯૨૪, ૧૯૩૬, ૧૯૭૭ અને વિઘટન બાદ ૧૯૯૧માં બદલાયું. ઇંગ્લેન્ડમાં કોઇ લિખિત સંવિધાન નથી. સંવિધાન બાબતે પડોશી દેશ નેપાળની પણ કંઇ અસ્થિર હાલત જ છે. આમ, ભારતનું સંવિધાન એ એક ધબકતી - વાઇબ્રન્ટ ડેમોક્રેસીનું દિલ છે, જે સંવિધાન નિર્માતાઓની દૂર દૃષ્ટિને આભારી છે... અને એટલે જ નિર્માણમાં વિલંબ થયો!

• • •

...શું ઇતિહાસનાં પાનાઓમાંથી ઊડીને આવેલી આ વાત કદાચ NCERTની ટેક્સબુકમાં ૧૮માં પાને છપાયેલાં કાર્ટૂનનો ઉદ્દેશ સમજાવે છે?

- ch9723367947@yahoo.com

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૮મી જૂન



● ઇસ્લામ ધર્મના સ્થાપક હઝરત મહંમત સાહેબનો જન્મ ઇ. સ. ૫૭૦ માં મક્કા શહેરમાં થયો.

અલ્લાહ એક જ છે. મહંમદ તેના પયંગમ્બર. આ દૈવી સંદેશાનો પૈગામ પહોંચાડનાર ૬૨ વર્ષની વયે ઇ. સ. ૬૩૨માં ધરતી છોડી ૬૨૨ની ૧૬મી જુલાઇએ મક્કા છડી મદીના તરફ હિજરત કરી ગયા. આ દિવસની યાદમાં હિજરી સંવત શરૂ થઇ તેમનો મળેલાં દૈવી સંદેશાઓને સંગ્રહ ઇસ્લામના પવિત્ર ગ્રંથ કુરાનમાં કરવામાં આવ્યો છે.




● ૧૯૭૨માં સૂરત-વલસાડ જિલ્લાનું વિભાજન કરીને નવસારી જિલ્લો બનાવવાની જાહેરાત થઇ.

● ધોધ પર 'ફેલિંગ વૉટર' નામનું મકાન બાંધનાર ૨૦મી સદીના સ્થાપત્યવિંદ ફેડલોઇડ રાઇટનો જન્મ ૧૮૬૯.

# ભારતના કયા રાજયમાં સડકની લંબાઇ સૌથી વધુ છે?

### વિષય : ભારતની ભૂગોળ

(૧) ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય હવાઈ મથક કયાં આવેલું છે?
(અ) મુંબઈ (બ) દિલ્હી (ક) કલકત્તા (ડ) ચેન્નઈ
(૨) ભારતના કયા રાજયમાં સડકની લંબાઈ સૌથી વધુ છે?
(અ) ઉત્તર પ્રદેશ (બ) મહારાષ્ટ્ર (ક) કર્ણાટક (ડ) તમિલનાડુ
(૩) કયું શહેર ટ્રંક ગ્રાન્ટ રોડ પર આવેલું નથી?
(અ) અમદાવાદ (બ) કાનપુર (ક) આગ્રા (ડ) લખનૌ
(૪) ભારતમાં પારસી ધર્મના લોકોની વસ્તી સૌથી વધારે કયા રાજયમાં છે?
(અ) મધ્યપ્રદેશ (બ) મહારાષ્ટ્ર (ક) આંધપ્રદેશ (ડ) બિહાર
(૫) તુતીકોરીન બંદર કયા રાજયમાં છે?
(અ) પં.બંગાળ (બ) તમિલનાડુ (ક) ઓરિસ્સા (ડ) કેરળ
(૬) જેતિયા પર્વતો કયા રાજયમાં આવેલા છે?
(અ) કેરળ (બ)અરૂણાચલ પ્રદેશ (ક) અસમ (ડ) ઓરિસ્સા
(૭) ફેધમ શું છે?
(અ) પાણીની ઉંડાઈ માપવાનો એકમ (બ) હવામાં ભેજ માપવાનો એકમ
(ક) દરિયાઈ અંતરનો એકમ (ડ) હવાના દબાણનો એકમ
(૮) ગઢવાલી ભાષા કયા રાજયમાં બોલાય છે?
(અ) મિઝોરમ (બ) બિહાર (ક) અરૂણાચલ પ્રદેશ (ડ) ઉત્તરાંચલ
(૯) કયા દેશના લોકો ભારતમાં તમાકુ લઈને આવ્યા હતા?
(અ) પોર્ટુગલ (બ) ઈંગ્લેન્ડ (ક) ફ્રાંસ (ડ) અમેરિકા
(૧૦) તાજમહેલના બાંધકામમાં કયા આરસ પથ્થરનો ઉપયોગ થયો છે?
(અ) બિકાનેર (બ) મકરાણા (ક) જોધપુર (ડ) કોટા
(૧૧) સહ્યાદ્રિ પર્વતો ભારતના કયા રાજયમાં છે?
(અ) કર્ણાટક (બ) તમિલનાડુ
(ક) ઓરિસ્સા (ડ) મહારાષ્ટ્ર
(૧૨) કપિલધારા ધોધ કઈ નદી પર છે?
(અ) ચંબલ (બ) કૃષ્ણા (ક) નર્મદા (ડ) કાવેરી
(૧૩) ભારતનાં કયા રાજયમાં રેલ્વે લાઈન નથી?
(અ) નાગાલેન્ડ (બ) મેઘાલય
(ક) મણિપુર (ડ) અરૂણાચલ
(૧૪) 'બોહરી' તહેવાર કયા રાજયમાં મનાવવામાં આવે છે?
(અ) ત્રિપુરા (બ) મહારાષ્ટ્ર
(ક) હિમાચલ (ડ) પંજાબ અને હરિયાળા
(૧૫) કયું શહેર હૈદાબાદ અને સિકંદરાબાદને અલગ પાડે છે?
(અ) પિછોલા (બ) ગોવિંદ સાગર (ક) ચિલકા (ડ) હુસેન સાગર




### ● વિવિધા ●

**વિષય યુરોપ ખંડના દેશો (આગળનાં અંકનું બાકી)**

| દેશનું નામ | રાજધાની | ક્ષેત્રફળ (હજાર ચો. કિ.મી.) |
|---|---|---|
| બેલારૂસ | મિન્સક | ૨૦૮ |
| બેલ્જિયમ | બસલ્ઝ | ૩૧ |
| બોઝનિયા | સારાયેવો | ૫૧ |
| મેસિડોનિયા | સ્કોપ્સે | ૨૬ |
| મોનાકો | મોનાકો | ૦.૦૦૦૧૯ |
| મોલ્ટો | વલેટા | ૦.૩ |
| યુક્રેઈન | કિયેફ | ૬૦૪ |
| યુગોસ્લાવિયા | બેલગ્રેડ | ૧૦૨ |
| યૂનાઈટેડ કિંગડમ | લંડન | ૨૨૯ |
| રોમેનિયા | બુખારેસ્ટ | ૨૩૮ |
| લકસમબર્ગ | લકસમબર્ગ | ૨.૬ |
| લિખ્ટન સ્ટાઈન | ફાદુત્સ | ૦.૧૬ |
| લિથુએનિયા | વિન્લિઉસ | ૬૫ |
| લેટવિયા | રીંગા | ૬૪ |
| વેટીકન સીટી | વેટીકન સીટી | ૦.૦૦૦૪ |
| સેન મેરીનો | સેન મેરીનો | ૦.૦૬ |
| સ્પેઈન | મેડ્રિડ | ૪૯૨ |
| સ્લોવાકિયા | બ્રાટિસ્લાવા | ૪૯ |
| સ્લોવિનિયા | લ્યૂ બલ્યાના | ૨૦ |
| સ્વિત્ઝરલેન્ડ | બર્ન | ૪૧ |
| સ્વિડન | સ્ટૉક્હોમ | ૪૫૦ |
| હંગેરી | બુડાપેસ્ટ | ૯૩ |

### ● ગયા સપ્તાહના સવાલનો જવાબ :

સવાલ - ભારતનાં વિદેશમંત્રી એસ.એમ. ક્રિષ્ણા અગાઉ કયા રાજયનાં મુખ્યમંત્રી હતા?
જવાબ - કર્ણાટક

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૩) આકાશ. જી. પટેલ : સે-૨૩
(૪) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ઈન્ફોસીટી, જૂ. સાયન્સ કૉલેજ

### ● પૂછું એક સવાલ...?

(૧) પ્રણવ એલ. પટેલ : સે-૨ ૩થી
પ્રશ્ન - દુનિયાનું સૌથી મોટું યુરોપિયન યુનિયન વ્યાપારી સંગઠનની સ્થાપના કયારે થઈ હતી?
જવાબ - ૯-૧૦ ડિસેમ્બર, ૧૯૯૧
(૨) નયના. બી. ગામેતી : સે-૧૪થી
પ્રશ્ન - બગદાદ શહેર કઈ નદી પર વસેલું છે?
જવાબ - ટાઈગ્રીસ નદી પર
(૩) વ્યાસ. તન્મય. એલ : સે-૪થી
પ્રશ્ન - સૌથી વધુ ટાપુ ધરાવતો દેશ કયો છે?
જવાબ - ઈન્ડોનેશિયા, ૩૦૦૦ જેટલા ટાપુઓ
(૪) મકવાણા અજીત. કે : સે-૧૭થી
પ્રશ્ન - મેન્ડેરીન ભાષા કયા દેશમાં બોલાય છે?
જવાબ - ચીનમાં
(૫) વાઘેલા ઋષિ ડી. : સે-૨૮થી
પ્રશ્ન - ઈલેક્ટ્રોસ્કોપનો શું ઉપયોગ છે?
જવાબ - પદાર્થમાં રહેલ વિદ્યુતભાર જોવા માટે

(અનુસંધાન પાના નં. ૬ પર)

## વરદાન

એક સુંદર મજાનું ગામ હતું. આ ગામમાં એક સંતોષી ખેડૂત રહેતો હતો. આ ખેડૂત ભલો ભોળો અને માયાળુ હતો. તેને દરેક વાતમાં સંતોષ હતો. તે હંમેશાં બીજાને મદદરૂપ થવાય તેમ કામ કરતો. તેની નિઃસ્વાર્થ સેવાથી ખુશ થઈને ભગવાને તેને વરદાન માગવા કહ્યું.

ખેડૂતનાં ઘરનાં બધાંએ આ વાત જાણી. એટલે તેની પત્ની કહે : 'તમે ભગવાન પાસે ધન માગજો. એટલે આપણે સુખી થઈશું.'

ખેડૂતનો પુત્ર કહે : 'તમે ખૂબ જમીન માગજો. એટલે આપણે પૈસાદાર બની જઈશું.'

ખેડૂતના દીકરાની વહુએ કહ્યું : 'તમે ગામના મુખી બનો અને વહીવટ કરો એવું માગજો એટલે આપણને સત્તા મળશે. અને લોકોમાં આપણો વટ્ટ પડશે.'

ખેડૂતના ઘરનાં દરેક સભ્યએ કંઈકને કંઈક પોતાના માટે અને કુટુંબ માટે માગવા કહ્યું.




ખેડૂત ખૂબ ભલો અને સંતોષી હોવાથી વગર મહેનતે કંઈ પણ મેળવવા માગતો ન હતો. તેથી બીજે દિવસે ભગવાને પ્રગટ થઈને કહ્યું : 'માગ, માગ, માગે તે આપું.'

ત્યારે ખેડૂતે કહ્યું - ભગવાન મને તો મારા પોતાના માટે કંઈ જ જોઈતું નથી. પણ એવુંવરદાન આપો કેહુંપારકા લોકોની ભલાઈ માટે કોઈ કામ કરવા ઈચ્છું ત્યારે તે કામમાં મને આપની કૃપા અને આશીર્વાદ મળે તેમ કરજો.

ભગવાન કહે : 'તથાસ્તુ' તેં યોગ્ય વરદાન માગ્યું. તું પણ સુખી થઈશ. સાથે સાથે બીજાંને પણ સુખી કહીશ. સ્નેહ, મમતા, પ્રેમ આ દુનિયામાં મોટી વસ્તુ છે. તને હું તંદુરસ્તી આપું છું. હંમેશાં ભલાઈનાં કામો કરતો રહેજે. 'કહી ભગવાન અંતર્ધ્યાન થઈ ગયા.'

## વૃક્ષો

ઊભાં ઊભાં જુઓ મલકાય છે વૃક્ષો
સ્થિર ઊભાં કયાંક ન આવે જાય છે વૃક્ષો
પહાડની ટોચે ઊભાં કે ખીણના ઊંડાણમાં
વર્ષો આંધી તોફાનોને સહી જાય છે વૃક્ષો
લીલાંછમ્મ વૃક્ષોને, રંગીન ફૂલોનાં આભૂષણો
સોળે ક્ષણગાર સાજી હરખાય છે વૃક્ષો
વનવગડે ખેતરને શેઢે ને રસ્તાની બાજુમાં
રહી બધે ખુશખુશાલ લહેરાય છે વૃક્ષો
પહેલાં ખેંચી લાવે છે વરસાદનાં વાદળ
ને પછી છત્રી બની ઊભાં રહી જાય છે વૃક્ષો

## આ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



### બાળ મિત્રો,

તમે સમજણાં થયા ત્યારથી, અનુભવ થશો હશે કે બીજા કેટલાંક બાળકો તમારાથી ઘણાં આગાળ છે. કોઇક ભણવામાં ખૂબ હોંશિયાર છે, કોઇનું જનરલ નોલેજ ખૂબ જ છે. કોઇ વક્તૃત્વ સ્પર્ધામાં ઇનામ લાવે છે, કોઇ નિબંધ-વાર્તા-કવિતાની સ્પર્ધામાં, કે કોઇ ચિત્રકામ કે રમતમાં કે વિજ્ઞાન - ગણિતમાં હોંશિયાર છે.

એવું બનતું જ હોય છે કે ઘણાં બાળકો - મિત્રો ઘણી બધી બાબતોમાં આપણાથી આગળ હોય છે અને આપણે એ બધાંથી પાછળ નંબર આવે છે. આવું બને ત્યારે સહેજ પણ નારાજ થયું નહીં કે નિરાશ થવું નહીં.

કેમ કે, ઇશ્વરે દરેકને કોઇક ખૂબી આપી છે. તમારામાં પણ એવી આવડત - હોંશિયારી હશે જે બાળકોમાં નહીં હોય. માટે આપણે પણ બીજાની સારી વાતો હોય તેનો સ્વીકાર કરીને, આપણી કોઇ વાતમાં હાર થાય તો તે પચાવતાં શીખવું જોઇએ. કેમ કે, આપણે હાર ન સ્વીકારીએ અને બીજાની ઇર્ષા કરીએ તો તેમાં છેવટે આપણું જ નુકશાન છે.

જ્યાં સ્પર્ધા હોય ત્યાં બધાનો પહેલો - બીજો નંબર શક્ય નથી. જેની જેમાં કાબેલિયત હોય તે જીતે. બધામાં આપણો જ પહેલો નંબર આવે તે જરૂરી નથી.

માટે ખુલ્લું મન રાખીને, ઉદાર બનવું જોઇએ. ખેલદિલીપૂર્વક હાર સ્વીકારતાં પણ આવડવું જોઇએ અને બીજાની જીતમાં આનંદ પણ થવો જોઇએ.